વિદ્યારામ સ્વર્ગગમન.

श्रीमत्पण्डित विद्याराम परम प्रस्थानं काव्यम्

निर्माता, श्रीयुत
शास्त्रि हरिनाथ नन्दन गोवर्धननाथ शर्मा.

विक्रमाब्दे १९७२ ख्रिस्ताब्दे १९१६

पण्डिता एव भूदेवा इतरे नामदेवता ।
सेवाख्य मशनं रम्यं ह्यन्यज्जठरपूरकम् ।।
પંડયા પ્રત્યક્ષ દેવ, બીજાં દેવલાં;
જમણમાં રૂડી સેવ, બીજાં વેવલાં.

આવૃત્તિ ૧ લી પ્રત ૫૦૦.

છપાવી-પ્રગટ કરનાર,
આયુર્વેદ ભૂષણ પંડિત ત્રિભુવન રામજી શર્મા.
પ્રમુખ—આર્ય ધર્મ તત્વ બોધિની સભા-મુંબાઇ.

(આ પુસ્તક દરેક વાચકોને, અને લાયબ્રેરીઓને
વિના મુલ્યે આપવામાં આવે છે.)

પ્રસ્તાવના.

આ લઘુ ગ્રંથમાં ફોટોગ્રાફરૂપે બીરાજેલા અને શ્લોકોમાં પદે પદે વર્ણવાયલા સદ્ગત **પંડિત વિદ્યારામ મયારામ શર્મા** સંવત ૧૯૧૦ ના ફાગણ શુદી ૭ ને રોજ વડોદરા રાજ્ય પૈકીના પેટલાદ મહાલમાં આવેલા કૃષ્ણપૂર (કાવિઠા) નામે ગામમાં, ગ્રહસ્થ માળવી શ્રીગોડ જ્ઞાતિમાં સદા નિરાભિમાનીપણે જીંદગી ગુજારી વિદ્યાવૃદ્ધિ અર્થે અનત પ્રયત્ન કરનાર પંડ્યા અવટંકથી ઓળખાતા એક સુખી કુટુંબમાં જન્મ્યા હતા. બાલ્યકાળથી સારો અભ્યાસ કરી યોગ્યવયે તેમણે શાંતિ અને સ્વધર્મના આત્મપોષણથી પોતાની વિદ્યાગુરૂની મેળવેલી પદવીને, જીવન શક્તિના પરિપક્વ ફળરૂપે શિષ્ય હૃદયોમાં પ્રવર્તાવી હતી. પરિચીતજનો અદ્યાપિપર્યંત માને છેજ કે તેઓ ઉદય અસ્તની છાયામાં રમ્યા અને વિરમ્યા છે છતાં પણ જન્મસિદ્ધ વ્યવહારોની અજરામર બીજરોપણ ક્રિયાનું સુશલિત સામર્થ્ય સદ્વર્તનની પ્રગતિરૂપે તેમણે પોતાના પુત્રોના હૃદયમાં સદોદિત મુર્ત કરી મુક્યું છે. લઘુપુત્ર પંડિત માણિક્ય શર્મા મુંબાઇમાં જાણીતી ગણાતી પ્રાણરક્ષક ઔષધાલયના સંસ્થાપક અને માલિક છે. તેમજ તેમના વડીલ પુત્ર કવિ ભુષણ પંડિત બાઇશંકરજી શર્મા પણ મુંબાઇનાં વખણાતાં વિદ્વાન નરરત્નોમાંના એક છે. જાણીતાં અનેક દૈનિક સમાહિક ને માસીક પત્રોમાં તેઓ વારંવાર સનાતન ધર્મ રક્ષણ માટે વિદ્વતા યુક્ત લેખો લખે છે ઉપરાંત માધવબાગના વિશાળ લેકચર હોલમાં અનેક પ્રભાવશાળી વ્યાખ્યાનો આપી સારૂં માન મેળવ્યું છે એવા ધર્મવીર પુત્રોના પિતાના દેહોત્સવ પ્રસંગે આર્યધર્મતત્વબોધિની સભાની ઇચ્છાનુસાર આ લઘુ કાવ્ય શ્રાયુત ગોવર્ધનનાથ હરિનાથ શાસ્ત્રી પાસે રચાવી પ્રગટ કરી હું વાચકોના રૂણમાંથી મુક્ત થાઉંછું તા–૧૩–૫–૧૯

મુંબઇ. } **આયુર્વેદ ભૂષણ પંડિત ત્રિભુવન રામજી શર્મા.**
જુની હનુમાનગલી } પ્રમુખ—આર્યધર્મતત્વબોધિની સભા.

વિદ્યારામ સ્વર્ગ ગમન.

(श्रीमत्पण्डित विद्याराम परमप्रस्थानं काव्यम्)

शार्दुलविक्रिडित्

वैश्याद्यर्चितपाद पङ्कज रजः सम्प्राप्त पुण्योदयान्
मान्यः सज्जन संहतौ स्थिरमतिः श्रीगौडजात्युद्भवः ॥
धन्यो मुद्गल गोत्र सम्भव इहा मुत्राप्त कीर्तिर्गुणी
धीरात्मा सततं हि पंडित मयारामः समासीद्भुवि ॥१॥

અર્થ—વૈશ્ય વિગેરેથી પૂજાયલા ચરણ કમળવાળા, પૂર્વજન્મના પુણ્યોદયથી સજ્જન સમૂહમાં માનિતા, સ્થિર બુદ્ધિવાળા, શ્રીગોડ જ્ઞાતિમાંના મુદ્ગલ ગોત્રમાં ઉત્પન્ન થયેલા, આલોક અને પરલોકમાં પ્રસરેલી કીર્તિવાળા, સદા ધન્ય અને ધીરાત્મા શ્રીમત્પંડિત મયારામ શર્મા પૂર્વે ભૂતલમાં જન્મ્યા હતા.

तस्माद्रम्य सुता अगम्य वटना सङ्गुम्फना यात्मनोऽ-
जायन्तात्र गुणा इवा नघ गुणा लोकेप्य लोकाश्रयाः॥
येषामस्ति सुसिद्ध मिष्ट सुखदं कर्माभि धानादिकं
धन्यास्तेहि सहोदरा हितकरा गंगाशिवाद्यास्त्रयः ॥२॥

અર્થ—તે મયારામ શર્માથી અગમ્ય રચના રચવા માટે પરમાત્માથી સત્વ રજ અને તમસ્ એ ત્રણ * ગુણો માફક લોકમાં અમોઘ ગુણ શક્તિવાળા, લૌકિકાશ્રયની દરકાર નહિ રાખનારા; જેમનાં નામ અને કર્મો ભૂમિમાં સુપ્રસિદ્ધ છે એવા **ગંગાશંકર** વિદ્યારામ અને પ્રભાશંકર એ નામના ધન્યાત્મા ત્રણ ભાઇઓ ક્રમે કરીને થયા.

तेषां मध्यतमः समान्य मतिमान् बाल्येप्य बाल्यो ह्यवान्
रम्यां गुर्जर सम्मतामथ मुदैवाभ्यस्य भाषान्निजाम् ॥
भूपस्थापित भारतीय भवने दत्वा परीक्षान्ततो
ऽप्राप्तोम्भूपति पूरुषाक्षर युतं पत्रम्प्रमाणात्मकम् ॥३॥

અર્થ—એ ત્રણ ભ્રાતૃઓ માંહેલા મધ્ય વયના ઉત્તમ બુદ્ધિવાળા, બાલ્યાવસ્થામાં પણ ગંભીર વિચાર શક્તિવાળા પંડિત વિદ્યારામે રમણીય ગુજરાતી ભાષાનો અભ્યાસ સંપૂર્ણ ભાવે કરી સરકારી પરીક્ષાના સ્થળમાં પરીક્ષા આપી, અધિકારી પરીક્ષકો પાસેથી પ્રમાણપત્ર મેળવ્યું.

योऽभूज्जन्म वशेन मध्यमतमः श्लाघ्य स्वभावा दिभिः
मान्यं सर्व विधिष्वपद्यत पदं लोके सदैवोत्तमम् ॥
आत्मी यात्न्वयदीपकः सहृदयो दानी न मानी मृषा
विद्याराम महोदयः स समभू च्चान्वर्थ नामात्मना ॥४॥

અર્થ—ને જેઓ જન્મથી મધ્યમ હોવા છતાં પણ પ્રશંસનીય સ્વભાવ અને ક્રિયાઓથી લૌકિક દરેક બાબતોમાં માનનીય ઉત્તમ પદને પામ્યા. એ રીતે સ્વવંશ દીપક સાક્ષર તે વિદ્યારામ મહાભાગ મિથ્યા

માન નહિં ધરાવતાં દાન દ્રષ્ટિ રાખનાર યથાર્થ નામ ગુણવાળા હતા.*

एवं मध्य वयस्यथो क्षिति पते र्विद्यावि वृद्धयालय-
स्यादेशादनु कूल गुर्जर भुवो ग्रामेषु रम्येष्वलम् ॥
मान्यो मञ्जुल भाषया पुरजनै र्बालान बालान्मुदा
सद्विद्या प्रति बोधनेन विधिना नक्तं दिवं सोऽनयत् ॥५॥

અર્થ—એ પ્રકારે પુખ્તવય થતાં રાજકીય વિદ્યાધિકારી ખાતા તરફથી નોકરીનો હુકમ મળવાથી સ્વાનુકૂલ સુખદાયી ગુજરાતનાં ગામોમાં પુરવાસી જનોના સન્માન સાથે વસતા તે વિદ્યારામ, મહાભાગ બાળક તથા મોટાઓ પ્રત્યે સદ્વિદ્યાના બોધ વડે રાત્રિ દિવસ વ્યતીત કરવા લાગ્યા.

पंड्यावंशयशः समुज्ज्वलयतो निर्मानवृत्तेः सदा
गौरीशाङ्घ्रिसरोरुहार्चनरतस्यासन्सुताः सत्स्तुताः
कालेनाथ महोमहोदययुता भूतार्थ सम्पादकाः
चूनीलालमुखाहितस्य मिषतो धर्मार्थ कामाः किल ॥६॥

અર્થ—પંડ્યા વંશની કીર્તિને ઉજ્વલ કરનાર સદા નિર્માન વૃત્તિ રાખી શ્રી મહેશ્વર ચરણકમલ સેવામાં પ્રેમવાન્ તે વિદ્યારામથી, કાલેકરી દિવ્ય ભાગ્યશાળી અને સત્યાર્થ શોધનારા સત્પુત્રો જાણે હિત

---

* **विद्यया आसमन्तात् सदा रमते स विद्यारामः ॥**
અર્થ- વિદ્યાથી સર્વત્ર નિત્ય આનંદિત રહે તેનું નામ વિદ્યારામ.

કરવાના બહાનાથી ધર્મ; અર્થ અને કામજ હોય એવી રીતે ચુનીલાલ; ભાઈશંકરજી અને માણિક્ય શર્મા એ ત્રણ પુત્ર રત્નો ઉત્પન્ન થયા.

बोधम्बोध मनेकगुर्जरगिरां शालासु बालासुना-
श्चित्तान्युत्तम भावतः प्रतिदिनं सम्पोषयज्जोषयत्
व्यवहृत्युत्तविबोधनेनच नयस्याध्वानमानन्दतो-
ऽकार्षीत्कष्टक कुण्ठितं हितधिया यो भूतले भाग्यवान् ॥७॥

અર્થ—એવી રીતે અનેક ગુજરાતી નિશાળોમાં બાલકના હૃદયને બહુ બોધ આપી ઉત્તમભાવથી પોષના અને પ્રેમાલ બનાવના એ સુભાગી વિદ્યારામે પોતાના વ્યવહારિક વિશાળ વિજ્ઞાન વડે નીતિના સન્માર્ગને નિષ્કંટક બનાવ્યો.

ज्ञातीयोच्चजनात्मसु प्रगतिकृच्चात्मीयदिव्यौजसा
संस्कारं नवसद्विचारविलसन्मर्यादयासङ्गतम् ॥
संस्थाप्याथ समस्तसज्जननुत श्चातुर्यवाचस्पतिः
सर्वं सात्विकवृत्तितः समनयद्यश्चायुरात्मीयकम् ॥८॥

અર્થ—શ્રીગૌડ જ્ઞાતિના અગ્રેસર જનોનાં હૃદયમાં આત્માના દિવ્યઓજસવડે નવીન વિચારોથી શોભના, મર્યાદાવાળા સંસ્કારોને સ્થાપન કરી, સકલ સજ્જન વન્દ્યમાન થઈ, બૃહસ્પતિ જેવી બુદ્ધિ બહાદુરીવાળા વિદ્યારામ પંડિતે પોતાની આખી જીંદગી આ પ્રમાણે સાત્વિક વૃત્તિમાં પસાર કરી.

युक्ताचारविचार चारुचरितो धीमान्नयज्ञानवान्
सन्तोष्यार्यहिताय शिष्यनिवहान् सर्वत्र स प्रेमवान् ॥
कालेनाथ विरम्य भूपतिनियुक्ताध्यापनात्तोषिता
दर्धं वेतनमाप्य राजनियमेनात्मगृहं योऽवसत् ॥९॥

અર્થ—આર્યજનોના કલ્યાણાર્થે ઉચિત સદાચાર વિચારોથી મનોહર ચરિતવાળા, નીતિજ્ઞાનવાન્, શ્રીમાન્, સર્વત્ર પ્રેમાલ એ વિદ્યા-રામ શર્મા, શિષ્ય સમુદાયને સંતોષી કાલક્રમે કેલવણી ખાતાનું કામ સમ્પૂર્ણ સન્તોષપ્રદ કરી રાજનિયમાનુસાર પેન્સનપર ઘેર આવીને વસ્યા.

योऽगान्मोहमयीं महीतिलकितामाप्तात्मभिः सेवीतः
स्थित्वा यावदपेक्षमीप्सितगतैः सन्तोषयत्स्वाश्रितान् ॥
सद्विद्याधिगुणान् जनोदयकरान्सम्बोध्य तत्राश्रमं
गत्वैवार्यसभां विविच्य विषयान् नीतेः परागात्स्वयः ॥१०॥

અર્થ—પછીથી પોતે પરિચિત જનોથી પૂજાતા ભારતભૂમિના તિલક જેવા મુંબાઈ બંદરમાં ગયા, ત્યાં ઇચ્છાનુસાર ગતાગત વડે સ્વાશ્રિત જનોને સંતોષ સોંપનાર; મનુષ્ય માત્રના ઉદય થવામાં કારણ-ભૂત સદ્‌વિદ્યાના અધિક ગુણોને વિના મહેનતે સમજાવતા તથા આર્ય ધર્મ તત્વ બોધિની સભામાં પધારી નીતિ વિષયનું વ્યાખ્યાન કરી ખપ પુરતું ટકી તેઓશ્રી કૃષ્ણપુર પ્રતિ પાછા વળ્યા.

प्राप्ते वृद्धवयस्यलं स्थिरमना व्यवहृत्य यावत्सुखम्
पुत्रेष्वात्म धुरं नियुज्य सकलाम्पूर्णानु भूताम्मुदा ॥

हार्दस्थारु निगद्य हृद्यमथगंगासप्तमीसत्तिथा
वन्दे नेत्रनगाङ्क भूपरिमितेऽ यासीत्स ईशालयम् ॥११॥

અર્થ—સ્થિર બુદ્ધિવાળા તે પંડિત વિદ્યારામ શર્મા સમ્પૂર્ણ સુખાનુસાર વ્યવહાર ચલાવી પરિપૂર્ણ વૃદ્ધાવસ્થા થયે ચિરકાલ સુધી અનુભવેલ સમસ્ત કાર્ય ધૂસરીને (કાર્યભારને) પ્રેમપૂર્વક સદ્ગુણી સ્વપુત્રોને સોંપી અને પ્રેમાસ્પદ સ્વહૃદયાભિપ્રાયને રૂડી રીતે સમજાવી વિક્રમ સંવત્ ૧૯૭૨ ના વૈશાખ શુકલ પક્ષમાં પવિત્ર ગંગાસપ્તમીને દિવસે શ્રીમન્મહેશ્વર મંદિર પ્રતિ પધાર્યા.

वियोगिनीवृत्त.

मतिमान् क्वगतः करोषि किम्? तव काज्ञा? नच बुध्यते बुधैः॥
सुहृदां निवहेन ? चान्तरा न विमर्षा अमृषा हितैः सुतैः?॥१२॥

અર્થ—હે બુદ્ધિશાલિ વિદ્યારામ મહોદય ! ! આપ ક્યાં ગયા ! શું કરો છો ! હમારા પ્રતિ આપની શી આજ્ઞા છે ! તે તમારા પુત્રો પણ હવે જાણી શકતા નથી. સુહૃદો પણ હવે તમારા ગર્ભિત સદ્વિચારોને પ્રાપ્ત કરી શકનારા નથી.

अथ शेषविधेयवस्तुषु क्वचिदीशः पितृदृष्टितः स्वयम् ॥
न ततो फल माप्यते मनाग् विरहेणेह विचित्रभाविना ॥१३॥

અર્થ—હવે તમારાં બાકીનાં કાર્યો તરફ કદાચ પિતૃદ્રષ્ટિથી જોશો

પણ વિલક્ષણતા વર્તાવનારા વિરહને લીધે તેમાં આપ આપના વિચારોને આરોપિત કરી શકનાર નથી.

भवदन्तिमवाक्चयोऽस्मयो हृदये सन्निहितः सुखावहः ॥
विरहो व्यथयत्यहो महद् हृदयं भावयुतात्मनाम्मृदु ॥१४॥

અર્થ—અરે ! એ વિચાર સ્નેહાધીન જનોનાં મૃદુ (કોમલ) હૃદયને વિરહરૂપે વધારે વ્યથિત કરે છે, તેઓ આપનાં નિરાભિમાન અન્તિમ સુવચનો હૃદય મંદિરમાં સદાને માટે સ્થીન કરી રાખે છે.

मनुजा ननु देवसम्मिता नहि देवा हि भवन्ति भूतले ॥
मनुजं मनुजत्वदा सदा भुवि शस्ता किल कार्यदक्षता ॥१५॥

અર્થ—આપ કહેતા હતા કે મનુષ્યો દેવ ન બને પણ દેવ જેવા બને છે. મનુષ્યને માનવપણું જગતમાં સોંપનાર કાર્યદક્ષતાજ છે. *

अनिमन्त्रितवस्त्व भाविता प्रियभावो हि निमन्त्रितेष्वलम् ॥
इति मानवमुख्यलक्षणम् निजदेशोदय एव धर्मधीः॥१६॥

અર્થ—આપે કહ્યું હતું કે અનિમંત્રિત વસ્તુ તરફ અભાવ અને નિમંત્રિત તરફ નમ્રતા એ મનુષ્યનું પ્રથમ લક્ષણ છે.

मनसा वचसा च कर्मणा ह्यसहायम्परमार्थतो भरेत् ॥

---

* આ સર્વ શ્લોકોમાં વર્ણવેલા વિચારો તેઓશ્રીએ મૃત્યુસૈયામાં પોતાના પુત્ર કવિભૂષણ પંડિત ભાઈશંકર શર્માને અંતિમ બોધ તરીકે જણાવ્યા હતા.

सुविमृश्य मुदा सु भाजनं न च दत्तं सहसेह संवदेत् ॥१७

અર્થ—આપે કહ્યું હતું જે સુપાત્ર છે કે નહિં તેની સંપૂર્ણ ખાત્રી થયે યોગ્યતાનુસાર મન વાણી અને કર્મથી અસહાયજનનું પરમાર્થ મતિથી પોષણ કરવું. પરંતુ કરેલ દાન જ્યાં ત્યાં વિના કારણ ન વદવું.

नयहीन मपि स्मृते र्वचो नहि मन्तव्यमलम्बलान्वितम् ॥
नच तद्धि मनीषि वाग्यतो विरहय्य व्यवहारवर्तनम् ॥१८॥

અર્થ—આપે કહ્યું હતું કે અતિશય સબલ સ્મૃતિવચન પણ નીતિ માર્ગનાથી વિરૂદ્ધ પડે તો તે માનવા ન મથશો—કેવળ ધર્મશાસ્ત્ર તરફ જોયા નહિ. કરતાં સાથે વ્યવહારને સરખાવજો, વ્યવહાર વિચારથી વિરૂદ્ધ પડતું વચન વિદ્વાનનુ હોઈ શકે નહીં.

हृदयस्य विभेदतोऽभवत् परिभेदो भुवनान्तरस्यच ॥
भुवि भेदमति र्भ्रमावहा भ्रम मूलं किल कष्टमुच्यते ॥१९॥

અર્થ—આપે કહ્યું હતું કે આ લોકને પરલોકમાં ભેદ માનતા નહિં, હૃદયના ભેદથીજ જગતના ભેદ થયા છે. ભુવનમાં ભેદ બુદ્ધિજ ભ્રમણા ઉપજાવે છે ભ્રમણાનું પરિણામ તેજ દુઃખ કહેવાય છે.

त्वमिहासि युधिष्ठिरः स्वयं त्वमु दुर्योधन एव वृत्तितः ॥
इयमेव पुरन्दरक्षिति रिति तत्वस्थिरदृष्टितः स्थितिः ॥२०॥

અર્થ—આપે કહ્યું હતું કે વૃત્તિ ફેરવી જુઓ તો જણાશે કે

તમેજ યુધિષ્ઠિર અને તમેજ દુર્યોધન છો. આ લોક તે પરલોક એમ તત્વાત્મક દ્રષ્ટિથી ફલે છે.

सुषमा ननु संसृते रथो जनतोक्तिः श्रुतसंग्रहाधिका ।।
पितृपाद समर्चनात् परं नहि तीर्थं परमुच्यते बुधैः ।।२१।।

અર્થ—આપે કહ્યું હતું કે સંસારની શોભા એજ માનવસૂત્ર છે અને જનસમાજની ઉક્તિ એ શાસ્ત્રવચન તુલ્ય સમજવી માતાપિતાની સેવા સમાન પરમ તીર્થ બીજું બુધવર્ગે માન્યું નથી.

कविभूषणभाइशङ्करं प्रति बोधादर शालिनां चवः ।।
इतियः श्रुतितुल्यवाक्‌चयः परमार्थप्रतिपादकोऽभवत् ।।
अथ वक्तयद्युना हि तद्ध्वनि गृहभित्त्यन्तरिते मरुद्गणे।।२२।।

અર્થ—આ પ્રમાણે તમારા સત્પુત્ર કવિભૂષણ ભાઇશંકરને પ્રતિબોધતાં વિશેષ ઉત્સાહથી શોભતાં તમારાં આવાં શાસ્ત્ર સરખાં પરમાર્થ દર્શક સદ્વચનો નિકળ્યાં તેનો પ્રતિધ્વનિ ગૃહભિત્તિઓનાં મર્યાદાવાળાં વાતાવરણમાં અદ્યાપિ સંવાદ કરતો ભાસે છે.

विरहाद् भवदुत्तमावरौ हत चितं व च वर्ष्म सोदरौ ।।
निरपायितया परस्परं ननु मध्यस्थलचिन्तनान्वितौ ।।२३।।

અર્થ—એક બીજા સાથ વિરોધિ નહિં હોવાથી તમારા વડિલ બંધુ ગંગાશંકર અને કનિષ્ઠ બન્ધુ પ્રભાશંકર તમારા વિરહથી હૃદય વગરના શરીર માફક મધ્યમ બન્ધુ રૂપ મધ્યસ્થાનને ચિંતવે છે.

जरसा बत कृष्णपूः पुन श्चिरकालाश्रयमिश्रियानुते ।।
सुखसंग युताङ्ग रे भवे दपि जातु प्रगतिप्रचारकृद् ॥२४॥

અર્થ—ઐહિક પ્રગતિના વિચાર કરનાર તમારા વિશાળ વૃદ્ધત્વથી ચિરસમય સેવાયલું આ કૃષ્ણપુર હવે તેવું આનંદિત બનશે કે નહિ ?

सततं हि हिताहितात्मसु समबुद्धि र्भवतां; लसद्रतिः ॥
कविताकलनेऽथ तद्गते रसमाधुर्यगुणे स्थिराश्रया ॥२५॥

અર્થ—હિત અને અહિતજનો તરફ આપની સર્વદા સમાનદ્રષ્ટિ હતી તથા કાવ્ય કલાઓના અવલોકનમાં તેમજ તદનાર્ગત માધુર્ય તરફ સ્થિર અનુરાગવૃત્તિ હતી.

रसविद भवदाज्ञया लसद् विषयं ज्ञानतरंगमासिकम् ॥
कविभूषणभाइशङ्करो ऽरचयत् साक्षरचित्ततोषकम् ॥२६॥

અર્થ—હે રસશાસ્ત્ર સમજનાર !! તમારી આજ્ઞાથી તમારા સત્પુત્ર કવિભુષણ ભાઇશંકર પડિતે સુશોભિત વિષયવાળું અને સાક્ષર જનોના હૃદયને સંતોષ ઉપજાવનારૂં " જ્ઞાનતરંગ " એ નામનું પ્રસિદ્ધ માસિક પુસ્તક પ્રગટ કર્યું હતું *

स्थिरमानसमानवानयि भवताऽत्मीयविमर्षसंगतम् ॥
अमृषाभिधमर्थदंह्यकारि चिरं प्रेमक नाममासिकम् ॥२७॥

---

* આ માસીક પત્રનો તમામ ખર્ચ ખેડા જીલ્લાના આ. કલેકટર ખાનબહાદુર બહમનજી એદલજી મોદી એમ. એ. સાહેબ અને સાક્ષર રત્ન ખાનબહાદુર કરમઅલી રહીમ નાનજીઆણી બી. એ બન્ને મળીને આપતા હતા.

અર્થ—હે દઢ મગજવાળા જનસમુદાયમાં માન પામેલા ? વિદ્યા-રામજી શર્મા ! તમે સત્ય નામવાળું હિતાવહ " પ્રેમ " નામનું માસિક વિશેષ સમય નિજ સદ્વિચારસંગત કર્યું હતું. *

हरिणिवृत्त.

उदयति परत्रैवास्तंगतः स च सत्कृती
भुवि हि भवतो लोकादर्शौ यथेन्दु दिवाकरौ ॥
तदथ भवतां विद्य द्वन्द्यात्मनां विमलोक्तिभि
र्वितरतु विभु र्भद्रं भर्गो यथेष्टसुखोदयम् ॥२८॥

અર્થ—જે શુભાચરણ શાલી એક ભુમિમાં અસ્ત પામે છે તે અન્યત્ર અવશ્ય ઉદય પામે છે જેના દૃષ્ટાંત તરીકે ભુમિમાં લોકોને સૂર્ય ચંદ્રની સ્થિતિ દર્પણ સમાન છે. એ પ્રમાણે હે વિદ્યારામ પંડિત ! આપને લોકાન્તરમાં ધન્યાત્મ વિદ્વાનોનાં નિર્મલ વચનોથી સર્વ શક્તિમાન્ પરમાત્મા સ્વેચ્છાનુસાર સુખોદય સાંપો.

अमलमतिभि स्तत्वाभिज्ञै र्बुधैः सह संगतीं
उपकृतिपरां वृत्तिशश्वद्विधा च शुभात्मनाम् ॥
विविधविषयग्रन्थालोकै र्मुदं हि दिवानिशं
परमभुवि तां दद्याद्भावात्प्रभु र्भवते शिवः ॥२९॥

---

* પ્રેમ નામનું પત્ર નડીઆદથી કવિ મુળજીભાઇ હરિવલ્લભદાસ કાસારવાળા તરફથી નિકળતું હતું પણ તેમાંના વિષયો સંબંધે તેઓશ્રી વારંવાર સુચના કરતા હતા.

અર્થ—વિમલમતિવાળા તત્વજ્ઞ બુધ વર્ગ સાથે સમાગમ, સજ્જનોનાં કર્તવ્યોમાં સદા ઉપકાર બુદ્ધિ અને અનેક પુસ્તકો વાંચવાથી સદા આનંદ અપરભૂમિમાં પણ પરમાત્મા તમને આપો એવી આર્ય ધર્મતત્વ બોધિની સભા આશા રાખે છે.

काव्य व्याकरण प्रबोध विलसत्सद्बुद्धि संभावित
शास्त्रि श्री हरिनाथनन्दन इहालब्धाल्पवैदग्ध्यधीः ॥
विद्याराम महोदयस्य परमप्रस्थानकाव्यं लघु
काव्याभिज्ञ नृणां मुदे व्यरचयन्नाथान्त गोवर्धनः ॥३०॥

અર્થ—કાવ્ય અને વ્યાકરણ શાસ્ત્રના ઉત્તમ જ્ઞાનથી સુશોભિત બુદ્ધિ બલ વડે પ્રતિષ્ઠા પામેલા શ્રીયુત હરિનાથ શાસ્ત્રીના પુત્ર કે જેણે સહેજ પણ બુદ્ધિ ચાતુર્ય નથી મેળવ્યું એવા ગોવર્ધનનાથે કાવ્યરસિક જનોને આનંદ ઉપજાવવા આ પંડિત વિદ્યારામ મહાભાગનું નાનું " પરમ પ્રસ્થાન કાવ્ય " રચ્યું છે.

इति श्री कृष्णपुरवास्तव्य पाठकोपाह्व श्रीयुत शास्त्रि
हरिनाथ वर्ष्मज गोवर्धननाथ विरचितं श्रीमत्पण्डित
विद्याराम परम प्रस्थानं काव्यं समाप्तं.

શાર્દૂલવિક્રીડિત છંદ.

જેણે જન્મ ધરી જગે નવ કર્યું, કલ્યાણ કાયા તણું
સંચીને ધન કીર્તિ ધર્મ જગમાં, રાખ્યું ન સંભારણું
રિદ્ધી સિદ્ધિ સમૃદ્ધિ સાધન છતાં, જેણે ન શાંતિ વરી
તેણે વ્યર્થ વિતાવ્યું આયુષ બધું, આ માનુષી દે' ધરી

કવિ. ભાઇશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

આ પુસ્તક અમદાવાદ પાનકોરને નાકે આવેલા
ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપ્યું.